NHAIની ત્રાડ જેવી ડિમોલિશન નોટિસથી વલસાડ જિલ્લાના રહીશો, દુકાનદારો અને ખેડૂતોમાં આક્રોશ

NHAIની નોટિસોથી લોકોમાં રોષ

હાઇકોર્ટના માર્ગદર્શન હેઠળ કાનૂની લડત લડાશે

ડુંગરી અને આસપાસના વિસ્તારોમાં વળતર આપ્યા વગર મિલકતો તોડી પાડવાના માર્કિંગ કરી જગ્યા ખાલી કરવાનો આદેશ

વલસાડ : નેશનલ હાઈવે 48 પર આવેલા ડુંગરી અને આસપાસના વિસ્તારોમાં હાઈવે ઓથોરિટી (NHAI) દ્વારા આપવામાં આવેલી ત્રાડ જેવી ડિમોલિશન નોટિસોને પગલે સમગ્ર વલસાડ જિલ્લાના સ્થાનિક રહીશો, દુકાનદારો અને ખેડૂતોમાં ભારે આક્રોશ અને ચિંતાનો માહોલ સર્જાયો છે.

NHAI ના પ્રોજેક્ટ ડાયરેક્ટર સંજય સિંહ યાદવ દ્વારા જારી કરાયેલી આ નોટિસમાં હાઈવે કિનારે આવેલા પ્લોટો, રહણાક ઘરો અને શોપિંગ સેન્ટરો પર લાલ માર્શલ માર્કિંગ કરીને તાત્કાલિક જગ્યાઓ ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આ અન્યાયી કાર્યવાહી સામે કાનૂની અને સામાજિક લડત આપવા માટે સ્થાનિક અગ્રણી રૂપેશભાઈની આગેવાની હેઠળ અસરગ્રસ્તોની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં તમામ ગ્રામજનો અને ખેડૂતોએ એકસૂરે NHAI ની મનસ્વી નીતિઓનો વિરોધ કર્યો હતો.

સ્થાનિક અગ્રણીઓએ જણાવ્યું હતું કે, આ મામલે ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ એડવોકેટ આનંદ યાજ્ઞિક સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. આ બેઠકમાં હાઈકોર્ટના જૂનિયર એડવોકેટ તુષારભાઈ રૂબરૂ હાજર રહ્યા હતા અને સમગ્ર કાનૂની પ્રક્રિયા તથા 'સ્ટે' (મનાઈહુકમ) મેળવવા માટેના દસ્તાવેજી પુરાવા અને માર્ગદર્શન પર ચર્ચા કરવામાં આવી હતી. અસરગ્રસ્તોનું કહેવું છે કે NHAI ની આ મનસ્વી કાર્યવાહી સામે તેઓ કાયદાકીય લડત લડીને સ્ટે ઓર્ડર મેળવશે. ભૂતકાળમાં જ્યારે હાઈવે 4 થી 6 લેન કરવાનો હતો ત્યારે સરકારે 10 થી 15 મીટર જમીન સંપાદન કરી હતી. પરંતુ આ વખતે NHAI દ્વારા કોઈપણ પ્રકારનું નવી જમીન સંપાદન કર્યા વિના કે યોગ્ય વળતર (કમ્પેન્સેશન) ચૂકવ્યા વિના સીધું 75 મીટર સુધીની મિલકતો તોડી પાડવા માટે માર્કિંગ કરી દેવાયું છે.

તંત્ર દાદાગીરી કરી નોટિસો આપવાનું બંધ કરે

સ્થાનિકોની માંગ છે કે તંત્ર દાદાગીરી અને મનસ્વી રીતે નોટિસો આપવાનું બંધ કરે. કાયદાકીય જોગવાઈ મુજબ અસરગ્રસ્તો સાથે ટેબલ પર બેસીને વાતચીત કરવામાં આવે, જમીન સંપાદનની યોગ્ય પ્રક્રિયા હાથ ધરીને પૂરેપૂરું વળતર આપવામાં આવે અને ત્યાર બાદ જ કોઈ આગળની કાર્યવાહી કરવામાં આવે.

ચારાવાડામાં 17 વર્ષીય કિશોરીનો આપઘાત

વાંસદા : વાંસદા તાલુકાના ચારાવાડા ગામના માળ ફળિયામાં રહેતી 17 વર્ષીય કિશોરી રિયાએ અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. મૃતક કિશોરી મહુવાસ ખાતેની શાળામાં ધોરણ-12માં અભ્યાસ કરતી હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ કિશોરી છેલ્લા ચાર દિવસથી શાળાએ ગઈ નહોતી. મંગળવારે સવારે માતાએ શાળાએ નહીં જવા અંગે પૂછતાં તેણે અભ્યાસનું કામ બાકી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ માતા પોતાની આંગણવાડીની નોકરી માટે બહાર ગઈ હતી. દરમિયાન ઘરે એકલી રહેલી કિશોરીએ આ પગલું ભર્યું હતું. બાદમાં તેની બહેન ઘરે પરત ફરતાં સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. બનાવ અંગે કિશોરીના પિતા કમલેશભાઈ હુડકીએ વાંસદા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. જોકે કિશોરીએ આ પગલું કયા કારણોસર ભર્યું તે અંગેનું ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી.

સંક્ષિપ્ત સમાચાર

સેલવાસમાં વિદ્યાર્થિનીઓની છેડતી કરનારનો પોલીસે વરઘોડો કાઢ્યો

વાપી : સેલવાસમાં શાળા-કોલેજ જતી વિદ્યાર્થિનીઓએ પોતાની સાથે થયેલી અસભ્ય વર્તણૂક અંગે ફરિયાદ થતા જ પોલીસે તપાસ હાથ ધરી હતી અને આરોપી આરોપી ઉમેશ યાદવ (ઉંમર ૩૨, રહે. બાવિસા ફાળિયા)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીનું લોકેશન મેળવીને તેની અટકાયત કરી હતી. મહિલા સુરક્ષા અંગે કડક સંદેશ જાય તે હેતુથી સેલવાસ પોલીસે આરોપીને સાથે રાખીને જાહેર માર્ગો પર તેનો વરઘોડો કાઢ્યો હતો. પોલીસે આરોપીને જાહેરમાં ફેરવીને કાયદાનું ભાન કરાવતા રહીશોએ રાહત અનુભવી હતી.

પારડીથી ચોરાયેલી એક્ટિવા સાથે એક ઝડપાયો

પારડી : વલસાડ LCB ની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલને મળેલી ગુપ્ત બાતમીના આધારે પોલીસે પારડી પાર નદીના બ્રિજ નજીકથી શંકાસ્પદ પસાર થતા કિરીટ ઉર્ફે મનીષ ઉર્ફે પાન હળપતિ (રહે. વરઇ)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી સફેદ કલરની નની હોન્ડા એક્ટિવા કબ્જે લીધી હતી. આ વાહન વર્ષ 2024 માં પારડી વિસ્તારમાંથી ચોરાયું હોવાનું સામે આવ્યું હતું. પકડાયેલો આરોપી રીઢો ગુનેગાર હોવાનું સામે આવ્યું છે. તેના પર અગાઉ સુરત રેલવે પોલીસ તથા પારડી પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાયેલો છે.

વલસાડમાં કસ્તુરબા હોસ્પિટલમાં આધુનિક મોડ્યુલર ICUનું લોકાર્પણ

વલસાડ : સ્વાતંત્ર્ય દિવસે વલસાડની કસ્તુરબા હોસ્પિટલમાં પુનઃવિકસિત આધુનિક મોડ્યુલર ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આધુનિક ICU ગંભીર દર્દીઓને વધુ સુસજ્જ અને સુરક્ષિત ક્રિટિકલ કેર સારવાર પૂરી પાડવાના હેતુથી વિકસાવવામાં આવ્યું છે. તેમાં અલગ પેશન્ટ ક્યુબિકલ્સ, ડાયાલિસિસ અને હેમોડાયાફિલ્ટ્રેશનની સુવિધા, નેગેટિવ તથા પોઝિટિવ પ્રેશર આઇસોલેશનની જોગવાઈ અને ICU માટે Dedicated Air Handling Unit (AHU)નો સમાવેશ થાય છે. ઉપરાંત દરેક બેડ માટે બેડસાઇડ મોનિટરિંગ તેમજ સેન્ટ્રલ પેશન્ટ મોનિટરિંગ સિસ્ટમ, વેન્ટિલેટર, ડિફિબ્રિલેટર, ઇન્ફ્યુઝન પમ્પ અને સિરિન્જ પમ્પ સહિતના ક્રિટિકલ કેર ઉપકરણો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. યોગ્ય ક્લિનિકલ પરિસ્થિતિમાં બેડસાઇડ એન્ડોસ્કોપી અને બ્રોન્કોસ્કોપી માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. ICUના પુનઃવિકાસમાં હનુમાન ભાગડાના સ્વ. ઠાકોરભાઈ દયાભાઈ દેસાઈના પરિવારે યોગદાન આપ્યુ છે. આ ઉપરાંત જયંતીભાઈ બલ્સારા (USA) સહિતનાનો પણ સહયોગ મળ્યો છે. પ્રમુખ કિરણ દેસાઈ, ઉપપ્રમુખ અપૂર્વ દેસાઈ, સહમંત્રી અનીશ શાહ તથા ટ્રસ્ટી મંડળે ICUના વિકાસમાં સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

ચીખલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે આનંદ પટેલની નિમણૂક

ધેજ : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ઈશ્વર પટેલના સ્થાને ચીખલી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પદે ટાંકલના આનંદકુમાર નવીનચંદ્ર પટેલની નિમણૂંક કરઇ છે. પાટીદાર સમાજના આનંદ પટેલ તાલુકા પંચાયતની વાંઝણા બેઠક પરથી સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ પૂર્વે તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે સોલધરાના ઈશ્વર પટેલ કાર્યરત હતા. આ દરમ્યાન તાલુકા કોંગ્રેસના પ્રમુખ પદે આનંદ પટેલની નિયુક્તિ થતા કાર્યકરોનો ઉત્સાહ વધ્યો છે. તેમની નિયુક્તિને ધારાસભ્ય અનંત પટેલ, જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શૈલેષ પટેલ સહિતનાઓએ વધાવી લઈ અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શૈલેષ પટેલ દ્વારા ચીખલી તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ તરીકે ગોડથલ ગામના જગદીશભાઈ બચુભાઈ પટેલની નિમણૂંક કરવામાં આવી છે.

વાપીની બિલખાડીમાંથી ત્રિરંગા મળતા નારાજગી

વાપી : વાપી છરવાડા રોડ પરથી પસાર થતી બિલખાડીમાંથી મોટી માત્રામાં રાષ્ટ્રધ્વજ મળી આવતા રાષ્ટ્રપ્રેમીઓમાં નારાજગી જોવા મળી હતી. 15મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શાળા, કચેરી સહિત વિવિધ સ્થળોએ ગર્વ અને સન્માન સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત અનેક લોકો દ્વારા પોતાના વાહનો તેમજ ઘરો પર પણ ત્રિરંગો લહેરાવી રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરવામાં આવ્યો હતો. પરંતુ સ્વાતંત્ર્ય પર્વ પૂર્ણ થયા બાદ વાપીના છરવાડા રોડ નજીક આવેલી બિલખાડીમાં મોટી સંખ્યામાં ત્રિરંગા પડેલા જોવા મળ્યા હતા. કોઈ જાગૃત નાગરિકની નજર આ ત્રિરંગાઓ પર પડતા તેઓ બિલખાડીમાં ઉતર્યા હતા અને રાષ્ટ્રધ્વજને બહાર કાઢી એકત્રિત કર્યા હતા.

ઘેલખડીની મદ્રેસા હોલમાં સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

સુરત : નવસારીના ઘેલખડી વિસ્તારમાં આવેલ મદ્રસાએ ઘેલખડી ટ્રસ્ટ સંચાલિત મદ્રેસા હોલમાં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એડવોકેટ વિરેન્દ્રભાઇ દેસાઇએ ધ્વજ વંદન કરાવ્યું હતું જ્યારે કોંગ્રેસ સેવાદળના અગ્રણી બિપિન રાઠોડે ધ્વજ રક્ષક તરીકેની ફરજ અદા કરી હતી. નવસારી શહેર કોંગ્રેસના પ્રમુખ દિપકભાઇ બારોટ, એડવોકેટ રાજન જોષી, રામદેવ પીર મંદિરના સંચાલિકા જશોદાબેન પરમાર, દારૂલ ઉલુમ અનવારે રઝાના હાફીઝ ઇમરાન સૈયદ, સેવાદળના અગ્રણી આસીફ તાજુદ્દીન સૈયદ, ઘેલખડીના અગ્રણી પ્રકાશ ડી. હળપતિ, એડવોકેટ સંદિપ દુબે, મદ્રેસા ટ્રસ્ટના ટ્રસ્ટી આરીફ ઇબ્રાહીમ સૈયદ, એડવોકેટ સંદીપ દુબે, સામાજીક કાર્યકર બિનોદકુમાર પટેલ વગેરે મહાનુભાવો હાજર હતા. સાંઇ મ્યુઝિકના શશીકાંત રાજપુત અને બાબુભાઇ લાખાણીએ દેશપ્રેમના ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રોફેશનલ એંકર સ્નેહલ પારેખે કર્યું હતું. કાર્યક્રમમાં મદ્રેસાના બાળકો, શિક્ષકો ઉપરાંત સ્થાનિક લોકો હાજર રહ્યા હતા.

દમણમાં 'નો-પાર્કિંગ'ના નામે દંડ વસૂલવાનું બંધ કરો : કોંગ્રેસ

પ્રદેશના લોકોને પરેશાન ન કરવા ભાજપના કાઉન્સિલરોને અપીલ

દમણ : સંઘપ્રદેશ દમણ નગરપાલિકા દ્વારા નો-પાર્કિંગમાં વાહન પાર્ક કરનારાઓ સામે ટોઈંગ વાન મારફતે કરવામાં આવતી દંડ વસૂલાતને લઈને હવે વિરોધનો સૂર ઉઠ્યો છે.

દમણ દીવ કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ કેતન પટેલે દમણ નગરપાલિકાના ચૂંટાયેલા ભાજપના કાઉન્સિલરોને જનતાને પરેશાન કરવાનું બંધ કરવાની સલાહ આપી છે. આક્ષેપ સાથે જણાવ્યું કે, નો-પાર્કિંગના નામે વાહનચાલકો પાસેથી હજાર-હજાર સુધીની રકમ વસૂલવામાં આવી રહી છે તે તદ્દન અયોગ્ય છે. પટેલે જણાવ્યું કે, દમણ નગરપાલિકાએ નો-પાર્કિંગમાં વાહન મૂકનાર પાસેથી દંડ વસૂલવા અંગે ઠરાવ પણ પસાર કર્યો હોવાનું જણાવી લેવાયેલા નિર્ણયને લઈને તેમણે નગરપાલિકા તંત્રની કામગીરી સામે સવાલો પણ ઉઠાવ્યા છે.

દમણના ગામડાઓમાંથી રોજબરોજ અનેક લોકો શહેરમાં માર્કેટ, મેડિકલ કે ખરીદી માટે આવતા હોય ત્યારે તેમને આ પ્રમાણેની દુવિધાઓને કારણે અનેક મુશ્કેલી પડી રહી છે. તેમણે નગરપાલિકાને પહેલા યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા ઊભી કરવા અને ત્યારબાદ જ દંડાત્મક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

છીપવાડ ગરનાળું ખુલ્લું મુકાયું

ગરનાળું શરૂ થતાં ૪૦ ગામના લોકોને હાલાકીમાંથી આંશિક રાહત

બિસ્માર અને ખાડાટેકરાવાળા રસ્તાને કારણે અકસ્માતનો ભય યથાવત્

વલસાડ : અતિભારે વરસાદ અને પૂરના કારણે બંધ કરાયેલું વલસાડનું છીપવાડ ગરનાળું આખરે તંત્ર દ્વારા ફરી એકવાર વાહનવ્યવહાર માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. ગરનાળું શરૂ થતાં જ વલસાડ-ગુંદલાવ-ખેરગામ માર્ગ પર દૈનિક અવરજવર કરતા ૪૦ જેટલા ગામોના હજારો વાહનચાલકો અને ગ્રામજનોએ આંશિક રાહતનો શ્વાસ લીધો છે.

જોકે, ગરનાળું ખુલ્લું મુકાયું હોવા છતાં રસ્તાની હાલત હજુ પણ અત્યંત બિસ્માર અને ખરાબ છે. યોગ્ય અને મજબૂત ડામરકામ કે પાકા સમારકામ વગર જ માર્ગ શરૂ કરી દેવાતાં વાહનચાલકો માટે અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે. ખાડાટેકરાવાળા રસ્તાને કારણે વાહનો ધીમી ગતિએ ચલાવવા પડે છે, જેના લીધે ટ્રાફિક ધીમો પડે છે અને મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

તાત્કાલિક પાકા સમારકામની પ્રબળ માગ

અગાઉ યોગ્ય સમારકામના અભાવે અકસ્માતો સર્જાતાં આ ગરનાળું બંધ કરવાની ફરજ પડી હતી. હવે જ્યારે તેને કામચલાઉ ધોરણે ફરી શરૂ કરાયું છે, ત્યારે સ્થાનિક રહીશો, વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને વેપારીઓની એક જ માગ છે કે તંત્ર માત્ર કામચલાઉ થીંગડાં મારવાને બદલે યુદ્ધના ધોરણે આ રસ્તાનું પાકું અને ટકાઉ સમારકામ કરે, જેથી લોકો કોઈ પણ જાતના જોખમ વિના સુરક્ષિત રીતે અવરજવર કરી શકે.

વિકાસ કામોમાં એકતરફી નિર્ણયો સામે ભાજપ-કોંગ્રેસની નારાજગી

ધરમપુર તાલુકા પંચાયતની સામાન્ય સભા હોબાળાભરી રહી

ધરમપુર : ધરમપુર તાલુકા પંચાયત પ્રમુખ શંકુતલાબેન ચૌધરીના અધ્યક્ષસ્થાને તથા તાલુકા વિકાસ અધિકારી મકવાણાની ઉપસ્થિતિમાં તાલુકા પંચાયતની સામાન્ય સભા મળી હતી. બેઠકમાં તાલુકાના વિકાસ કામો, સભ્યોને મળતી સુવિધાઓ, બેઠકના એજન્ડા સહિત વિવિધ વહીવટી મુદ્દાઓ અંગે સભ્યોએ રજૂઆત કરી હતી. કેટલાક મુદ્દે સભ્યોએ સ્પષ્ટ માંગ સાથે ચર્ચા કરી હતી. સભ્ય રમેશ પાડવીએ વિરોધ પક્ષના નેતા માટે અલગ ચેમ્બર ફાળવવાની અને પ્રમુખની બાજુનો બંધ રૂમ ફરી શરૂ કરવા માંગ કરી હતી. વિરોધ પક્ષના નેતા દેવું મોકાશીએ પોતાના વિસ્તારમાં જરૂરિયાત મુજબ વિકાસ કામો ફાળવવાની માંગ ઉઠાવી હતી.

વિરોધ પક્ષના નેતા દેવું મોકાશીએ જણાવ્યું હતું કે, વિરોધ પક્ષના સભ્યોના વિસ્તારોમાં પણ જરૂરિયાત મુજબ વિકાસ કામો ફાળવવામાં આવે અને સભ્યોને તેમના વિસ્તારના કામો અંગે યોગ્ય તક આપવામાં આવે.

સભ્યોએ બેઠકનો એજન્ડા ચારથી પાંચ દિવસ અગાઉ આપવા અને બંધ કરાયેલું ભાડા-ભથ્થું પંચાયતના ભંડોળમાંથી નિયમ મુજબ ચૂકવવાની માંગ કરી હતી. સભ્યોને ૩. ૬ લાખ સુધીના વિકાસ કામો ફાળવતી વખતે સ્થાનિક સભ્યોને વિશ્વાસમાં ન લેવા સામે કોંગ્રેસ અને ભાજપના સભ્યોએ નારાજગી વ્યક્ત કરી હતી. કોંગ્રેસના સભ્ય રસીક દેસાઈએ દેસાઈ ફળિયાની શાળામાં ભારે વરસાદથી કમ્પ્યુટર અને ચોપડા બગડતા શાળાને યોગ્ય વળતર અપાવવા રજૂઆત કરી હતી. બેઠકમાં પંચાયતની કામગીરી અંગે જવાબદારીપૂર્વક નિર્ણયો લેવા ભાર મૂકાયો હતો. આ પ્રસંગે ભાજપ-કોંગ્રેસના વનિતા બારીયા, રસીક પટેલ સહિતના ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ઉમરગામમાં નગરપાલિકા અને ફૂડ વિભાગના સંયુક્ત દરોડા

ડેરી, બેકરી અને ખાદ્ય પદાર્થની દુકાનોમાં આકસ્મિક ચેકિંગથી વેપારીઓમાં ફફડાટ

આરોગ્ય સાથે ચેડા કરનાર સામે કડક કાર્યવાહીની ચીમકી ઉચ્ચારા

ઉમરગામ : ઉમરગામ નગરપાલિકાની આરોગ્ય સમિતિની ટીમ અને વલસાડ ફૂડ વિભાગના અધિકારીઓની ટીમ દ્વારા ઉમરગામ શહેરમાં ડેરી બેકરી અને ખાદ્ય પદાર્થનુ વેચાણ કરતા વેપારી દુકાનદારોને ત્યાં આકસ્મિક ચેકિંગ હાથ ધરતા ફફડાટ મચી ગયો હતો.

ઉમરગામ નગરપાલિકાના પ્રમુખ ખુશ્બુબેન જાદવ, ઉપ-પ્રમુખ યોગેશભાઈ દાંડેકર, આરોગ્ય સમિતિના ચેરમેન સમીરભાઈ ભરતીયા, નગરપાલિકાના સભ્યો અને એસઆઈ અનિલભાઈ તથા ફુડ ઈન્સ્પેક્ટર અને એમની ટીમ દ્વારા ઉમરગામ શહેરમાં ડેરી બેકરી ખાદ્ય પદાર્થોનુ વેચાણ કરતા દુકાનદાર વેપારીને ત્યાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને જરૂરી સેમ્પલો લેવામાં આવ્યા હતા. તેમના દ્વારા દુકાનદારોને સ્વચ્છતા જાળવવા તથા ખાદ્ય પદાર્થની ગુણવત્તા જાળવવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન કોઈ શંકાસ્પદ ખાદ્ય પદાર્થ મળી આવ્યું નથી. ઉમરગામ નગરપાલિકાના આરોગ્ય સમિતિના ચેરમેન સમીરભાઈએ મીડિયાને જણાવ્યું હતું કે ઉમરગામ શહેરમાં દુકાનો રેસ્ટોરન્ટ, ડેરી બેકરી વિગેરે જગ્યાએ નિયમિત ચેકિંગ કરવામાં આવશે અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારા ભેળસેળ કરનારા તત્વોને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં.

પારડીમાં વેપારી સાથે છેતરપિંડીમા ઠગ ઝડપાયો

વલસાડ-બીલીમોરા-પારડી-ભીલાડ પોલીસમાં પણ ગુનાનો ભેદ ઉકેલાયો

પારડી : પારડી તાલુકાના ઓરવાડ ઉદવાડા આર. એસ. ખાતે આવેલા 'શ્રી સુંધા જ્વેલર્સ'ના વેપારી સાથે રૂ. ૧.૯૦ લાખની ઠગાઈ આચરનાર રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે.

ઓરવાડ ખાતે દુકાન ધરાવતા મહેન્દ્રકુમાર પરીહાર પાસે આરોપી હુસૈન પારડીવાલા (રહે. પારડી) આવ્યો હતો. તેણે પોતાની પાસે રૂ. ૩.૪૫ લાખની કિંમતનું પોણા ત્રણ તોલાનું સોનાનું કડું વાપીની ફાઈનાન્સ કંપનીમાં ગીરવે મૂકેલું હોવાનું જણાવી, આ લોન ભરપાઈ કરવાના બહાને તે સસ્તા ભાવે વેચવાની લાલચ આપી હતી. વેપારી વિશ્વાસમાં આવી જતા ગત ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રૂ. ૧,૯૦,૦૦૦ રોકડા આપ્યા હતા. આરોપીએ એસ.બી.આઈ. બેંકમાં રોકડ રકમ ખાતામાં જમા કરાવી, લોન ભરવાનું નાટક કરી "મમ્મીને લઈને આવું છું" કહી બેંકમાંથી ફરાર થઈ ગયો હતો. તપાસ કરતા જાણવા મળ્યું કે આરોપીએ રકમ ઉપાડી લીધી હતી અને આપેલું સરનામું પણ ખોટું હતું.

તપાસ દરમિયાન સામે આવ્યું કે આરોપી સામે બિલીમોરા પોલીસ મથકે પણ આ જ મોડસ ઓપરેન્ડીથી ઠગાઈનો ગુનો નોંધાયેલો છે. વલસાડ એલ.સી.બી. પોલીસે આરોપીને નવસારીથી ઝડપી પાડી પૂછપરછ હાથ ધરતા અનેક ભેદ ઉકેલાયા છે. પારડી પોલીસે ટ્રાન્સફર વોરંટથી આરોપીનો કબજો મેળવી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે, તથા તેને ભિલાડ પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં પણ તપાસ અર્થે લઈ જવામાં આવશે.

વલસાડના કેવડામાં કેમિકલ ફેક્ટરી સામે લોકોનો વિરોધ

આહીર ફળિયાના રહીશોની પર્યાવરણ અને સ્વાસ્થ્ય બગડવાની ભીતિ

ફેક્ટરીની મંજૂરી રદ કરવાની માંગ સાથે આંદોલનની ચીમક

વલસાડ : વલસાડ તાલુકાના કેવડા ગામે રહેણાંક વિસ્તાર નજીક ખેતીલાયક જમીન પર શરૂ થઈ રહેલી પેપરમીલ (કેમિકલ ઔદ્યોગિક એકમ) સામે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અગાઉ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કર્યા બાદ પણ યોગ્ય નિરાકરણ ન આવતા આજરોજ કેવડા ગામ અને ખાસ કરીને આહીર ફળિયાના મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્રિત થયા હતા અને ફેક્ટરી સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર, કેવડા ગામના આહીર ફળિયા (વોર્ડ નં. ૦૮) માં ખેતીલાયક જમીન પર પેપરમીલની મશીનરી લાવી કામગીરી શરૂ કરવામાં આવી છે. સ્થાનિક આહીર સમાજનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને ખેતી હોવાથી, રહેણાંક વિસ્તારની તદ્દન નજીક કેમિકલ ફેક્ટરી બનવાથી હવા-પાણી પ્રદૂષિત થવાની અને લોકોના આરોગ્ય સામે મોટો ખતરો ઊભો થવાની ભીતિ છે. રહેણાંક વિસ્તાર અને ગૌચર-ખેતીની જમીન પાસે શરૂ થઈ રહેલું આ કેમિકલ યુનિટ કાયમી ધોરણે બંધ કરી મંજૂરી રદ કરવામાં આવે એવી માંગ કરી છે. ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, જો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક આ સ્થળનું નિરીક્ષણ કરી યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સમગ્ર ગામ વતી વધુ ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

દમણની હોટલો-ગેસ્ટ હાઉસોમાં પોલીસનું ચેકિંગ

નિયમભંગ કરનારાઓ સામે એસડીએમને રિપોર્ટ મોકલવાની તજવીજ

દમણ : સંઘપ્રદેશ દમણમાં જાહેર સુરક્ષા વધુ મજબૂત બનાવવા અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા દમણ પોલીસે 17 ઓગસ્ટની સાંજથી રાત્રિ દરમિયાન સમગ્ર જિલ્લામાં હોટેલ, ગેસ્ટ હાઉસ, હોમ સ્ટે, ફાર્મહાઉસ, સરાઈ સહિતના આશરે 200 જેટલા સ્થળોએ સઘન ચેકિંગ અભિયાન હાથ ધર્યું હતું.

દમણ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓના આદેશ અને માર્ગદર્શન હેઠળ 18 પોલીસ ટીમોનું ગઠન કરી વિવિધ વિસ્તારની હોટલો અને ગેસ્ટ હાઉસમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. દરેક ટીમમાં 3 થી 4 જેટલા પોલીસ કર્મચારીઓનો સમાવેશ કરાયો હતો. ચેકિંગ દરમિયાન ગેસ્ટ રજિસ્ટર, મહેમાનોના ઓળખપત્રોની ચકાસણી, સીસીટીવી કેમેરાની કામગીરી તથા સ્ટાફ, કર્મચારીઓના પોલીસ વેરિફિકેશન સહિતની બાબતો તપાસવામાં આવી હતી.

સંચાલકોને નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપવામાં આવી હતી. ચેકિંગ દરમ્યાન કેટલાક સ્થળોએ નિયમોનો ભંગ થયેલો પણ જોવા મળ્યો હતો. જે બાબતે પોલીસ યોગ્ય કાર્યવાહી માટે વિગતવાર રિપોર્ટ દમણના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને મોકલવાની તૈયારી કરી રહ્યું હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

PUBLIC NOTICE

Advocate: Shri Rajesh L. Makela
Civil Misc. Application No.: 24/2026
Exhibit No.: 24

In the Court of Hon'ble District Judge - 1 and Additional Sessions Judge, Palghar, District Thane

Notice of the Date Fixed for Hearing Respondent

(Civil Procedure Code 1908, (Order 41, Rule 14)
Appendix G, Schedule 1, Sr. No. 6)
Smt. Bhavna Dipesh Shah ... Applicant
Versus
None ... Opponent

The applicant, Smt. Bhavna Dipesh Shah, has filed an application for inquiry in this court under Sections 7 and 29 of the Guardians and Wards Act to obtain guardianship of the person named Trushang Dipesh Shah. The application has been registered in this court, and this court has fixed 29/08/2026 as the date for hearing Civil Misc. Application No. 24/2026.

If you do not appear in person, through your advocate, or through any person legally authorized to act on your behalf in this appeal, the hearing of the said appeal will proceed in your absence and a decision will be passed.

Today, 17th day of August 2026.
Given under my hand and the seal of the court

Additional District and Sessions Court, Palghar